**:: ફોજદારી અપીલ નં.૬૫/૨૦૨૪ ના કામે આંક–૦૫ હેઠળ હુકમ ::**

(૧) એપેલેન્ટ/આરોપીની અરજી વંચાણે લીધી. એપેલેન્ટ તરફે વિ. વકિલ શ્રી વી. કે. ધોળીયા હાજર થયેલ છે. જયારે રીસ્પોન્ડન્ટ નં. (૨) તરફે તેમના વિ. વ. શ્રી જે. જે. ડોડીયા હાજર થયેલ છે. સાંભળ્યા.

(૨) આ કામના એપેલેન્ટ/આરોપીને તાલાલાના વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રીએ તેમની સમક્ષના ફો. કે. નં. ૮૪૩/૨૦૨૧, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા આરોપીએ હુકમની તારીખથી એક મહીનાના સમયગાળામાં ફરીયાદીને વળતર પેટે ચેકની મુળ રકમ રૂા.૪,૦૦,૦૦૦/– વળતર પેટે ચુકવી આપવાનો હુકમ તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજ કરેલો છે. જે ચુકાદા અને હુકમથી વ્યથિત અને નારાજ થઈને એપેલેન્ટ/આરોપીએ હાલની અપીલ દાખલ કરેલ છે. આ અપીલની સાથોસાથ આંક–૦૫ થી વાદગ્રસ્ત હુકમનો અમલ મોકુફ રાખવા અને પોતાને જામીન ઉપર છોડવા હાલની અરજી આપી છે. તેની સુનાવણી આજરોજ હાથ ધરવામાં આવી છે.

(૩) એપેલેન્ટ/આરોપીને ટ્રાયલ કોર્ટે તકસીરવાન ઠેરવીને સજા કર્યા બાદ દિન–૩૦ પુરતો એટલે કે અપીલ સમય પુરતા જામીન ઉપર છોડવા અને પોતાનો હુકમ મોકુફ રાખવા તા.૦૧–૦૭–૨૦૨૪ ના રોજ હુકમ કરેલો છે. આમ, એપેલેન્ટ/આરોપીએ સમયમર્યાદામાં અંદર હાલની અપીલ દાખલ કરી દિધેલ છે. રેકર્ડ જોતા એવુ જણાય છે કે, સમગ્ર ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન એપેલેન્ટ/આરોપી જામીન મુકત હતા. વળી, અપીલ ચાલતા સમય જાય તેમ છે અને ત્યાં સુધી એપેલેન્ટ/આરોપીને જેલમાં મોકલવો મને ન્યાયોચિત જણાતુ નથી. તેથી એપેલેન્ટ/આરોપીને જામીન ઉપર મુકત કરવાનુ અને અપીલના આખરી નિર્ણય સુધી એપેલેન્ટ/આરોપીને થયેલ કેદની મુખ્ય સજાનો હુકમ સ્થગિત કરવો ન્યાયોચિત જણાય છે.

(૪) આ તબકકે મેં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ(સુધારેલ)ની કલમ–૧૪૮ ની જોગવાઈઓ ધ્યાને લીધી છે. આ એપેલેન્ટ કોર્ટ અપીલ ચાલતા સુધી એપેલેન્ટ/આરોપીને વળતરની રકમના ઓછામાં ઓછા ૨૦% રકમ ડીપોઝીટ કરવાનો હુકમ કરી શકે છે. એપેલેન્ટ/આરોપીએ ફરિયાદીને રૂા.૪,૦૦,૦૦૦/–નો ચેક આપેલ હતો, જે તકરારી ચેકની રકમ ફરિયાદીને ચુકવવા ટ્રાયલ કોર્ટે હુકમ કરેલ છે. જેથી મારા નમ્ર અભિપ્રાય મુજબ વળતરની રકમ રૂા.૪,૦૦,૦૦૦/– થતી હોવાથી એપેલેન્ટ/આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૮ ની જોગવાઈઓને આધીન આ રકમની ૨૦% રકમ એટલે કે રૂા.૮૦,૦૦૦/–(અંકે રૂપીયા

એંશી હજાર પુરા) આ અદાલતમાં ડીપોઝીટ કરાવે તેવો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે અને તે સંજોગોમાં એપેલેન્ટ/આરોપીની હાલની અરજી મંજૂર કરવાનું ઉચિત જણાતુ હોય, અરજી તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) એપેલેન્ટ/આરોપીની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે અને સદરહુ હુકમથી એપેલેન્ટ/આરોપીએ **રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી તથા એપેલેન્ટ/આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૪૮ ની જોગવાઇ મુજબ મૂળ ફરિયાદીને વળતરની રકમ ચુકવવા જે ટ્રાયલ કોર્ટે હુકમ કરેલો છે તેની ૨૦ % રકમ **રૂા.૮૦,૦૦૦/-(અંકે રૂપીયા એંશી હજાર પુરા)** આ અદાલતમાં ડીપોઝીટ કરાવવાની શરતે નીચેની શરતોને આધીન મૂળ કામે એપેલેન્ટ/આરોપીને જે સજાનો હુકમ થયેલ છે તે સદરહુ અપીલ ચાલતા સમય સુધી તેની અમલવારી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો-**

**૧).** એપેલેન્ટ/આરોપીએ આ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડી કયાંય જવુ નહીં.

**૨).** એપેલેન્ટ/આરોપીએ અપીલના હીયરીંગ દરમ્યાન હાજર રહીને અપીલની કાર્યવાહીમાં સાથ સહકાર આપવાનો રહેશે સિવાય કે તેમની હાજરી માફ કરતો હુકમ કરવામાં આવેલ હોય.

- હુકમ મુજબના જામીન આ અદાલતમાં આપવાના રહેશે.
- આ હુકમની એક યાદી ટ્રાયલ કોર્ટને કરવી.

આ હુકમ આજરોજ તા.૩૦મી, માહે-જુલાઇ, સને-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૩૦.૦૭.૨૦૨૪
સ્થળ-વેરાવળ

**(પ્રતાપદાન શંભુદાન ગઢવી)**
સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૪૦